# શહેરમાં ધાર્મિક સ્થાનોની કાયદેસરતા સરકાર નક્કી કરશે

**● ગ્રામીણ વિસ્તારના લોકોને પહેલાં માલિકી હક્ક તો આપો : હસમુખ મકવાણા ● શહેરમાં કઈ જમીન મનપાની છે તો પેવર બ્લોક નાખી રહ્યા છીએ કાગળો લઈ આવો : શૈલેન્દ્રસિંહ ● મંદિરોમાં રાજકારણ ના લાવીએ : જીતુ રાયકા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં જમીનની માલિકી જ નથી રહી ત્યારે કાયદેસરના ધાર્મિક સ્થાનો અંગેનો

**કાયદેસરતા નક્કી કરવાનું કામ સરકાર પર છોડીએ અને પ્રસ્તાવ સરકારને મોકલી આપીએ : મેયર**

વિવાદ ઉભો ન કરવા અને સમગ્ર બાબત રાજ્ય સરકાર પર છોડી તે મંજૂરી આપે તો શેડ બનાવવાની કામગીરી કરવી તે સાથે સમગ્ર બાબત રાજ્ય સરકાર પર છોડવાનો નિર્ણય આજે મનપાની સામાન્ય સભાએ લીધો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં ધાર્મિક સ્થાનોની જમીનની માલિકી અને કાયદેસરતાને લઈ કોંગ્રેસ ભાજપ વચ્ચે તડાપીટ બોલી હતી. કોંગ્રેસના સભ્યોએ એક તબક્કે એવુ કીધુ હતુ કે અમે માત્ર ને માત્ર રામંદિરવાળા નથી અમે બધા મંદિરો અને મંદિરોના શ્રદ્ધાળુ ભક્તોની લાગણીની વાત કરી રહ્યા છે.

મંદિરોની માલિકી અને કાયદેસરતા તો જોવી પડે તેવી વાત ભાજપના સભ્યોએ પકડી રાખાતં વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ મનપા દ્વારા બનાવવામાં આવી રહેલ વોક વે ની માલિકી

**અમે રામ મંદિર વાળા નથી અમે બધા જ મંદિરોની જ્યાં લોકોની લાગણી અને શ્રદ્ધા છે તેની વાત રજુ કરીએ છીએ : કોંગ્રેસ**

મનપાએ ક્યારે લીધી અને તેની કાયદેસરતા કેટલી તેના કાગળો પણ સામાન્યસભામાં રજુ કરો.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલી આજની સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસ જે રીતે સામ-સામે આવી ગયા હતા ત્યારે સમયસૂચકતા વાપરી મેયરે આ અંગેનો આખો પ્રસ્તાવ રાજ્ય સરકારને મોકલીએ અને તે જે મંજૂરી આપે ત્યાં શેડ અને અન્ય કામગીરી કરીએ તેવા સુઝાવ સાથે પ્રસ્તાવ સરકારને મોકલવા માટે સૌ સભ્યો સહમત થયા હતા.

ચર્ચાના આરંભમાં કોંગીના હસમુખ મકવાણાએ જણાવ્યુ હતુ કે ગ્રામીણ વિસ્તારમાં મકાનની માલિકીના હક્ક પણ આપણે આપી શક્યા નથી તેની ચર્ચા પહેલાં કરવી જોઈએ. જેમણે પાટનગર માટે જમીન ગુમાવી તેમની વાતો કોઈ જ સાંભળતુ નથી.

કોંગીના શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું હતુ કે શહેરમાં ૧૦૦માંથી ૨૦ મંદિર પણ માંડ કાયદેસરના કદાચ હશે. એટલે કાગળો જોવાની વાત છોડી અને તમામ ધાર્મિક સ્થાનોને સમાવીએ.

● અનુસંધાન પાન-૭ પર

## ડસ્ટબીનની ગુણવત્તા શંકાના દાયરામાં છે : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિતરણ કરવામાં આવી રહેલ ડસ્ટબીનની ગુણવત્તા સામે કોંગીના કાઉન્સીલર અંકિત બારોટે પ્રશ્નાર્થ ઉભો કરી વિતરણ દરમ્યાન બિલની નકલ માંગવાના નિર્ણયથી લોકોને હાલાકી પડી રહી હોવાની વાત પણ કહી છે.

બારોટે મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં જણાવ્યું છે કે છેલ્લા ઘણા સમયથી બિલનું વિતરણ નિયમિત રીતે થતુ નથી અને તેની નકલ માંગવામાં આવે છે. આ બિલની નકલ લેવા જતાં લોકોને વોર્ડ કચેરી અને વડી કચેરી સુધી ધક્કા ખાવા પડે છે એટલુ જ નહિ બિલની નકલ લેવા માટે પૈસા ભરવા પડતા હોવાની ફરિયાદો પણ ઉઠી છે. તંત્રની ઉદાસીનતાનો દંડ પ્રજાને કરવાની વાત બરાબર નથી.

તેમણે તેમના આ અંગેના પત્રમાં ડસ્ટબીનની ગુણવત્તાને લઈ પણ શંકા વ્યક્ત કરી છે. જે ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે તેની ગુણવત્તા જે વાતો થતી હતી તેના કરતાં ઘણી નીચી હોવાનું જણાયું છે.

બારોટે ટેક્ષબિલ સમય મર્યાદામાં લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થાનું નિર્માણ કરવા તેમજ ડસ્ટબીન જે નાગરિકોનો અધિકાર છે અને પહોંચાડવાની જવાબદારી મનપાની છે તે કાર્ય તંત્ર નિષ્ઠાથી કરે તે જરૂરી છે.

તેમણે જણાવ્યુ છે કે ડસ્ટબીન વિતરણને લઈ કોઈ જાણ લોકોને થાય તેવી વ્યવસ્થા પણ કરવી જોઈએ એટલુ જ નહિ લોકોને શું લઈ આવવાનું છે તેની જાણકારી પણ હોતી નથી એટલે વિતરણ વ્યવસ્થામાં અસરકારક બને તે જોવુ જોઈએ.

# શહેરમાં ઠંડીનુ જોર ઘટયુ ગરમીનો આકરો મિજાજ

**મહત્તમ તાપમાન ૩૨.૨ ડિગ્રી પહોંચતા નગરજનો અકળાયા : મોસમનો મિજાજ બદલાયો દિવસે ગરમી રાત્રે ગુલાબી ઠંડીથી નગરજનો બેવડી ઋતુનો શિકાર**

ગાંધીનગર તા ૧૭

ઉતરાયણના દિવસથી જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળી રહયો છે. આકરી ઠંડીના બદલે હવે ગરમીનો પારો ચઢતા નગરજનો પરસેવે ભીંજવતી ગરમીથી અકળાઈ રહયા છે. ઉતરાયણના દિવસે પણ ગરમીનો પારો ૩૨ ડી ગ્રીએ પહોંચી ગયો હતો. જયારે આજે પણ સતત બીજા દિવસે ગરમીનુ પ્રમાણ અંશત: વધ્યુ છે. આજે મહત્તમ તાપમાન ૩૨.૨ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૨.૨ ડી ગ્રી રહેતા દિવસે ગરમી અને રાત્રિના ગુલાબી ઠંડી સાથે નગરજનોએ બેવડી ઋતુનો અનુભવ કર્યો હતો.

ગાંધીનગરમાં ઉતરાયણના આગમન સાથે વાતાવરણમાં પણ નાટયાત્મક પલ્ટો જોવા મળી રહયો છે. છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં ઠંડીએ જમાવટ કરી હતી. પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. દરરોજ ગરમીનુ પ્રમાણ વધી રહયુ છે. જેના લીધે ભરશિયાળે નગરજનો ગરમીનો અહેસાસ કરી રહયા છે. ઉતરાયણના દિવસે પણ ગરમીનો પારો ૩૨ ડી ગ્રીએ પહોંચી જતા પતંગ રસિયાઓ અકળાયા હતા. આકરી ગરમીના લીધે બપોર આકરી થઈ પડી હતી. જેના લીધે પતંગોત્સવમાં રીશેષ ટાઈમ પણ વધી ગયો હતો. આકરી ઠંડી વચ્ચે અચાનક જ વાતાવરણમાં બદલાવ આવતા નગરજનોએ ગરમ કપડા ફગાવી દેવાનો વારો આવ્યો હતો. જયારે આજે પણ ગરમીનો પારો ઉંચો ચઢેલો જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન ૩૨.૨ ડી ગ્રી નોંધાયુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન ગરમી અસહ્ય બની હતી. દિવસનો તાપ પણ ઉનાળા જેવો આકરો બનતા નગરજનો આકરી ગરમીના લીધે પંખા અને એ સી ચાલુ કરવાની ફરજ પડી હતી. જયારે સાંજ ઢળતા જ વાતવરણમાં ફરી ગુલાબી ઠંડી છવાઈ ગઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૨.૨ ડી ગ્રી નોંધાયુ હતુ. દિવસે ગરમી અને રાત્રિના ઠંડીના લીધે નગરજનો બેવડી ઋતુનો શિકાર બન્યા હતા. ઠંડી ગરમીની અસરના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર થઈ છે. ઉતરાયણ બાદ મોસમનો મિજાજ બદલાતા ઠંડીનુ જોર ઓછુ થયુ છે. જયારે બીજીતરફ ગરમી ઉગ્ર બની છે. જો કે હવામાન તજજ્ઞોના મતે હજુ પણ આકરી ઠંડી પડવાની સંભાવના છે. ત્યારે વાતાવરણ પલ્ટાથી નગરજનો પ્રભાવિત થયા છે.



ભારત-ઈઝરાયલના વડા જ્યાં મળી રહ્યા છે તેવું આ કેન્દ્ર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે આવેલું છે. નેશનલ હોર્ટીકલ્ચર મિશન અને બાગાયત ખાતા દ્વારા રૂ. ૧૨ કરોડના ખર્ચે નિર્મિત રાજયનું સૌ પ્રથમ સેન્ટર ઓફ એકસલેન્સ વેજીટેબલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે ૨,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ સંકલિત કેન્દ્રથી આધુનિક ખેતી પદ્ધતિની જાણકારી મળે છે એટલું જ નહીં તે શિક્ષણલક્ષી તાલીમ પ્લેટફાર્મ પણ પુરૂ પાડે છે આ સંકલિત કેન્દ્રમાં ઉચ્ચગુણવત્તાવાળા ૫૦ લાખ ધરૂનુ નિદર્શન કરાયું છે. જે ધરૂ પ્રતિકુળ વાતવારણમાં ટકી કિટકો-જંતુ સામે પ્રતિરોધક શક્તિ પણ ધરાવે છે.

## આજે પ્રધાનમંત્રીના કાર્યક્રમને અનુલક્ષી ૨૦ બસો દોડશે શહેરી બસ સેવા પ્રભાવિત થશે

ગાંધીનગર તા ૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતાન્યાહુની અમદાવાદ મુલાકાતને અનુલક્ષી સલામતી વ્યવસ્થા પણ જડબેસલાક ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત ટ્રાફિક નિયમનને ધ્યાને લઈ વાહનોની અવરજવરના રૂટમાં પણ ફેરફાર કરાયો છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પણ ૨૦ જેટલી બસો ફાળવવામાં આવી છે. જેના લીધે શહેરી બસ સેવાનો ઉપયોગ કરતા મુસાફરો પણ પ્રભાવિત થશે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુ આજે અમદાવાદની મુલાકાતે આવવાના હોવાથી શહેરમાં જડબેસલાક બન્દોબસ્તની વ્વવસ્થા કરવામાં આવી છે. જયારે ટ્રાફિક નિયમનમાં સરળતા રહે તે માટે કેટલાક માર્ગોનો ઉપયોગ ન કરવા માટે પણ પોલીસતંત્રએ નાગરિકોને જણાંવ્યુ છે. જેમાં એરપોર્ટથી ગાંધીનગર જવા માટે રિવરફ્રન્ટ પુર્વ રોડનો ઉપયોગ ન કરવા પણ જણાંવાયુ છે. અમદાવાદથી ગાંધીનગર જવા માટે એસ જી હાઈવે રીંગ રોડ, તથા નારોલ નરોડા થઈ એસ પી રીંગ રોડ થઈ ગાંધીનગર જવાના રૂટનો ઉપયોગ કરવા જણાંવાયુ છે. જયારે અન્ય પણ કેટલાક રૂટોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીની આ મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદના ગાંધી આશ્રમ સહીતના જાણીતા સ્થળોએ પણ મુલાકાત લેવાના છે. જયારે અમદાવામાં રોડ શો નુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. વિવિધ સાંસ્કૃતિક અભિવાદન કાર્યક્રમ પણ યોજવામાં આવશે બાવળા ખાતે પણ આઈ ક્રીએટ સંસ્થામાં પણ પ્રધાનમંત્રી ઉપસ્થિત રહેશે. જયારે પ્રધાનમંત્રીની આ મુલાકાતને અનુલક્ષી ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પણ ૨૦ જેટલી બસો

● અનુસંધાન પાન-૭ પર

# તપાગચ્છાધિપતિ મનોહર કીર્તિસાગર સા.ના સે. ૨૨માં ઝવેરીને ત્યાં પગલાં

**શંકરસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, સૂર્યકાન્ત મહેતા, હેમેન્દ્ર શાહ, અજીતભાઈ વખારિયા, શાંતિભાઈ, મલય ઝવેરી સહિતના જૈન શ્રાવકોએ દર્શન કરી આશીર્વાદ મેળવી ધન્યતા વ્યક્ત કરી**

ગાંધીનગર, તા. ૧૬

તપાગચ્છાધિપતિ મનોહર કીર્તિ સાગર સા. આજે વિજાપુર વિહાર કરી જઈ રહ્યા હતા ત્યારે તેમણે સે. ૨૨માં પ્લોટ નં. ૨૪૧માં વસતા મલયકુમાર વિમલભાઈ ઝવેરીના નિવાસસ્થાને પગલાં કર્યા હતા.

તપાગચ્છાધિપતિના આગમનના અવસરની જાણ થતાં જ ગાંધીનગર જૈનસંઘના અગ્રણીઓ હેમેન્દ્રભાઈ શાહ, અજીતભાઈ વખારિયા, શાંતિભાઈ, સૂર્યકાન્ત મહેતા, ઝાટકિયાભાઈ, જે.બી. શાહ, ધીરૂભાઈ કાપડિયા, મલય ઝવેરી, પ્રદીપભાઈ રૂવાલા, વિજયભાઈ સંઘવી, મહેન્દ્રસિંહ વાઘેલા, કુંજલભાઈ, ડૉ. અનિલ નાયક સહિતના આગેવાનોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

તપાગચ્છાધિપતિ અને ઉદયકીર્તિ સાગરજી મહારાજના આગમનના સમાચારથી ગાંધીનગર જૈન સંઘના ઘણા શ્રેયાર્થી ભક્તો પણ દર્શનાર્થે પધાર્યા હતા. આ પછી ઉદયકીર્તિસાગરજીએ પણ ટુંકુ વ્યાખ્યાન જૈન શ્રાવકોની લાગણીને ધ્યાને લઈ ભક્તિનો મહિમા સમજાવતુ કર્યુ હતુ. તપાગચ્છાધિપતિના આશીર્વાદ લેવા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા પણ સે. ૨૨ ખાતે પહોંચ્યા હતા. આ ઉપરાંત કચ્છના જૈન અગ્રણીઓ પણ પહોંચ્યા હતા.

તપાગચ્છાધિપતિ સવારે લોદરા થઈ વિજાપુર પહોંચશે. તપાગચ્છાધિપતિએ જૈન શ્રાવકો પર આશીર્વાદની વર્ષા કરી હતી.

## વિધાનસભાના પ્રોટોમ સ્પીકર તરીકે નિમાબેનની પસંદગી

ગાંધીનગર, તા. ૧૬

વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે કચ્છના ડૉ. નીમાબેન આચાર્યની પસંદગી કરવામાં આવી હોવાની આજે રાજ્ય સરકારે જાહેરાત કરી છે.



વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે પ્રથમ મહિલા બનવાનું ગૌરવ પણ ડૉ. નીમાબેન આચાર્યને ફાળે જાય છે. તેમણે અધ્યક્ષની પેનલમાં અગાઉ ફરજો બજાવી છે અને સંસદીય પ્રણાલિના તેઓ જાણકાર છે.

તેમને વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે રાજ્યના રાજ્યપાલશ્રી ૨૩મીએ શપથ લેવડાવશે. આ પછી નીમાબેન આચાર્યની ઉપસ્થિતિમાં વિધાનસભાના ૧૮૧ સભ્યો ગૃહના સભ્ય તરીકેના શપથ લેશે. વિધાનસભાના સભ્યોના શપથ લેવાની વાત એ વિધાનસભા સત્રનો હિસ્સો નથી હોતી તેવી સ્પષ્ટતા આજે વિધાનસભા સચિવાલય દ્વારા કરવામાં આવી છે.

## રાજયમાં ૧૩ હજાર પ્રાથમિક શિક્ષકોની ઘટ પુરવા એન એસ યુ આઈની શિક્ષણ વિભાગને રજુઆત

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર જિલ્લા એન એસ યુ આઈ દ્વારા આજે રાજયની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ પુરવાની પ્રબળ માંગ સાથે પ્રાથમિક શિક્ષણ નિયામકને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ. આ રજુઆતમાં ભરતી પ્રક્રીયા બાકી રહેતા લાયક ઉમેદવારો પણ જોડાયા હતા. રાજયની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૧૩ હજાર જેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

રાજયની શાળાઓમાં

**પ્રાથમિક શિક્ષણ નિયામકને આવેદન પત્ર આપી રજુઆત કરી ટેટ ટુ પરીક્ષા પાસ કરનારા ઉમેદવારો પણ જોડાયા**

શિક્ષકોની ઘટનો પ્રશ્ન હજુ હલ થયો નથી. શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોના અભાવ વચ્ચે વિદ્યાર્થીઓનુ શિક્ષણ કથળી રહયુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. એકબાજુ સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં ફી નિયમન માટે પગલા લેવાય રહયા છે. ત્યારે સ્પર્ધાત્મક બનતા શિક્ષણના યુગમાં શાળાઓમાં પુરતા શિક્ષકો ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે . વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર પડવાની સાથે ટેટ ટુ પાસ લાયક ઉમેદવારોને

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



મારા ધર્મપત્નિ અ.સૌ આનંદીબેન મનહરલાલ શાહ (બચીબેન-ઉ.૮૩) તા. ૧૫-૦૧-૨૦૧૮ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૧૯-૦૧-૨૦૧૮ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ, M.S બિલ્ડીંગ સામે, ઉમિયા મંદિર પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર -૩૮૨૦૨૬

સરિન મનહરલાલ શાહ (પુત્ર)
ભજના સરિન શાહ
શ્યેન સરિન શાહ
સંજના સરિન શાહ
આશ્કા જયપ્રકાશ શાહ
સૂર શૈશવકુમાર શાહ

**મનહરલાલ શાહ**
(ભૂતપૂર્વ રહસ્ય સચિવ નર્મદા અને સિંચાઈ વિભાગ)
સચિવાલય ગાંધીનગર
મીનાક્ષી જયપ્રકાશ શાહ (પુત્રી)
સાધના શૈશવકુમાર શાહ (પુત્રી)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

### દશા સોરઠીયા વૈષ્ણવ વણિક બેસણું



સ્વ.નવિનચંદ્ર મુલચંદ ધ્રુવના ધર્મપત્ની તથા અમારા માતુશ્રી **ભાવનાબેન ધ્રુવ**નો તા.૧૫-૦૧-૨૦૧૮નાં રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૮-૦૧-૨૦૧૮ને ગુરૂવારનાં રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: ઘર નં.૭૧, આનંદનગર (લીલો પટ્ટો) સેક્ટર-૨૭, ગાંધીનગર.

જયેશ એન. ધ્રુવ (પુત્ર)
સંજય એન. ધ્રુવ (પુત્ર)
દિલીપ એન. ધ્રુવ (પુત્ર)
હિના જે. ધ્રુવ (પુત્ર વધુ)
રશ્મી એસ. ધ્રુવ (પુત્ર વધુ)
ભાવના ડી. ધ્રુવ (પુત્ર વધુ)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :

ડૉ. ચેતના અ. બુચ
પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા., સેકટર-૨૦, ગાંધીનગર
મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮

શ્રી હરેશ કે. ઠાકર
પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ, જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭, ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯

મનોજ શુકલ
મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯

રમેશ પટેલ
પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com